કોઇ તમારા પર આંધળો વિશ્વાસ રાખે, ત્યારે સાબિત ના કરતા કે તે ખરેખર અંધ છે
- સાધુ વાસવાની

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર ટીપીએસમાં વીજ ઉત્પાદન ઠપ્પ

## કર્મચારીઓની સામૂહિક બદલીઓ કરાઈ : ૮૭૦ મે.વો.ની વીજઘટ પડશે : હાઈડ્રો-સોલાર થર્મલના વિકલ્પ બન્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના પાંચેય યુનિટ છેલ્લા પંદર દિવસથી ઉત્પાદન કરતા બંધ થયા છે. આ યુનિટોના કેટલાક કર્મચારીઓની સામૂહિક બદલીના હૂકમો પણ અન્ય વીજ મથકોમાં કરવામાં આવ્યા છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન દ્વારા ૮૭૦ મે.વો. વીજળીનું ઉત્પાદન થતુ હતુ. રાજ્યમાં વીજ સંકટના અસાર આ યુનિટો બંધ થતાં મળી રહ્યા છે. જો કે સત્તાવાળાઓનું કહેવુ છે કે હાઈડ્રો પાવર જનરેશન દ્વારા વીજમાંગને પહોંચી વળવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત સારા ચોમાસાને પગલે રાજ્યની વીજમાંગમાં પણ ઘટાડો થવાપામ્યો છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન દ્વારા ૨૪ જુલાઈથી સંપૂર્ણ ઉત્પાદન બંધ કરાયું છે. ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના ૧૨૦ મે.વો.ના બે યુનિટ તો આમ તો નવેમ્બર-૨૦૧૨થી બંધ કરાયા હતા. પરંતુ વચ્ચે થોડા સમય માટે વીજમાંગ વધતાં આ યુનિટો કાર્યાન્વીત કરાયા હતા પરંતુ મે-૨૦૧૩ થી તે સંપૂર્ણ બંધ છે. આ બન્ને યુનિટો મરામત અને નિભાવણી પાછળનો ખર્ચ બહુ જ આંકવામાં આવ્યો હોવાથી હવે તેની મરામત નહિ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ બન્ને યુનિટો દ્વારા માંડ ૧૫૦ મે.વો. જેટલી વીજ ઉત્પાદનની ક્ષમતા નોંધાઈ છે. તેમજ મરામતનો ખર્ચ પણ વધી જાય છે.

એક વિગત પ્રમાણે આ બન્ને યુનિટો ૩૦ વર્ષથી પણ વધુ જુના હોવાથી તેનુ સામાન્ય આયુષ્ય ઘટી જવા પામતુ હોય છે. એટલે વોરન્ટી પણ મળવા પાત્ર રહી નથી.

૨૨૦ મે.વો.ના ૩ યુનિટ પૈકી ૧ યુનિટ તો શટડાઉન કરી દેવાયુ છે. જ્યારે અન્ય ૨ યુનિટ રિઝર્વમાં રખાયા છે.

આમ પાંચેય યુનિટ દ્વારા વીજ ઉત્પાદન બંધ થવાથી થર્મલ પાવર સ્ટેશના કેટલાક કર્મચારીઓની બદલીઓ પણ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ આ થર્મલ પાવર સ્ટેશન એ શહેરની એક ઓળખનો હિસ્સો પણ બન્યા છે. આ થર્મલ પાવર સ્ટેશનના પાંચેય યુનિટો દ્વારા વીજ ઉત્પાદન બંધ થતાં રાજ્યમાં હાલ ૮૭૦ મે.વો. વીજઉત્પાદન બંધ થવા પામ્યુ છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર કડાણા, કેવડિયા અને ઉકાઈના હાઈડ્રો પાવર સ્ટેશનોમાં હાલ વીજ ઉત્પાદન સારા પાણીની આવકને પગલે પીક ઉપર છે. આમ છતાં વીજ ઉત્પાદનમાં ૮૭૦ મે.વો.નો ઘટાડો એ વીજ સંકટના એંધાણ આપી રહેલ છે.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશને આમ તો આઈએસઓનું પ્રમાણપત્ર

● અનુસંધાન પાન-૭ પર






















